# CERC – ENVIS Centre

Consumer Education and Research Centre

"Suraksha Sankool", S. G. Highway, Thaltej, Ahmadabad – 380 054

Tel: 079-27489945/46, 27450528, 27438752/3/4

Fax: 079-27489947 Email: cerc-env@nic.in, cerc@cercindia.org

Website :www.cercenvis.nic.in, www.cercindia.org


## તમારા ઘરના કચરાને કેવી રીતના વિભાજીત કરવા : માર્ગદર્શિકા

### સ્થાનિક કચરાનું અલગીકરણ:



કચરાપેટીમાં કચરો નાખવો એ સારી આદત છે. તેનાથી કચરાની અલગીકરણની વ્યવસ્થાપનની પ્રક્રિયા પુરી થતી નથી, પરંતુ ત્યાંથી જ તેની શરૂ થાય છે. કચરાના સંચાલનનું પ્રથમ પગલુ અલગીકરણ છે. મોટાભાગના લોકોને એમ લાગે છે કે, કચરાના અલગીકરણની શરૂઆત કચરાપેટી વાન અથવા ડંમ્પીગ મેદાન પર પહોંચે છે ત્યારે થાય છે. પરંતુ ખરેખર સાચી શરૂઆત આપણા ઘરેથી જ થાય છે.

### કચરાના પ્રકારો :




સામાન્ય રીતે ઘરમાંથી કચરો બે પ્રકારથી અલગ કરી શકાય છે: સૂકો કચરો અને ભીનો કચરો. બંનેનો નિકાલ કરવાની અને પુન: ઉપયોગમાં લઇ શકાય તે રીતે અલગ કરવાની જરૂર છે. યાદ રાખો કે, ભીનો કચરો જૈવિક છે જ્યારે સૂકો નથી.

**ભીની કચરામાં** રાંધેલો ખોરાક, રાંધ્યા વગરનો ખોરાક ફળો - ફૂલોના કચરા સૂકા થઇને પડી ગયેલા પાંદડાઓ અને ઘરની ધૂળ એમ અન્ય ચીજ-વસ્તુઓનો સમાવેશ થાય છે.

**સૂકા કચરામાં** કપડાના ગાભા, કાચ, ચામડુ, ધાતુ, કાગળ, પ્લાસ્ટીક, રબર, વાયર અને અન્ય સંબંધિત ચીજ-વસ્તુઓનો સમાવેશ થાય છે

### કચરાનું અલગીકરણ:




હાલના દિવસોમાં કચરાના કારણે પર્યાવરણ પર નકારાત્મક અસર પડી રહી છે તેનાથી બચવા માટે પ્રાથમિક સ્થળે જ તેનુ અલગીકરણ થવુ જરૂરી છે. તે કચરાના તમામ વર્ગોના યોગ્ય નિકાલ તરફનું પહેલુ પગલુ છે.

પ્લાસ્ટીક ચીજ-વસ્તુઓ દા.ત. સૂકા કચરાના ઘટકો છે જો તેનો યોગ્ય નિકાલ ન થાય તો તે પર્યાવરણ માટે સંકટ બની શકે છે. દવાઓ, બેટરી, સૂકા રંગો, જૂના બલ્બ અને સૂકાયેલી બૂટની પોલીસ જેવા ઝેરી કચરા માટે વધુ એક કચરાની પેટી રાખવી અનિવાર્ય છે. કચરાની અલગીકરણ એ પુન: પ્રાપ્તિ, પુન: ઉપયોગ અને નવા સ્વરૂપમાં પુનરાવર્તિત કરવા માટેની પ્રાથમિક પ્રક્રિયા છે.

### કચરાના અલગીકરણ માટે પગલા લઇ શકાય:

- સૂકા અને ભીના અને ઝેરી કચરા માટે અલગ-અલગ કચરાપેટી રાખો
- કચરા પેટીમાં કચરો નાખતા પહેલા પ્લાસ્ટીકનું પેકેટ દુર કરવુ
- સૂકા કચરાના સંગ્રહ માટે બે બેગ રાખો. જેમાં એક કાગળ, પ્લાસ્ટીક અને અન્ય ચીજ-વસ્તુઓ જે પુન: ઉપયોગમાં લઇ શકાય અને બીજી બેગ અન્ય કચરા માટે.
- રસોડાના પ્લાસ્ટીકને સાફ કરી અને સૂકવીને પેટીમા નાખો.
- દરરોજ ઘરમાંથી ભીનો કચરો બહાર કાઢો.
- અઠવાડિયામાં એક વાર ઘરમાંથી સૂકા કચરાનો નિકાલ કરો.
- સેનેટરી કચરાને ફેંકવા માટે પેપર બેગનો આગ્રહ રાખો.

## એપાર્ટમેન્ટ - કોમ્પ્લેક્ષમાં કચરાના સંચાલન માટેના પગલાં :




- સમાન વિચારસરણીવાળા લોકોનો સમૂહ બનાવો
- તમારા એપાર્ટમેન્ટના બિલ્ડીંગમાં તમારા પરિવાર અને પડોશીઓને કચરાના અલગીકરણ કરવાનું મહત્વ સમજાવો
- તમારા એપાર્ટમેન્ટ બિલ્ડીંગના સફાઇ કર્મચારીને પણ કચરાના સંચાલન માટે સમજાવો
- સૂકા કચરા અને ભીના કચરાના સંગ્રહ માટે અલગ ડ્રમ્સ મેળવો. જેમાં સૂકા કચરા માટે વાદળી રંગનું અને ભીના કચરા માટે લીલા રંગનું ડ્રમનો ઉપયોગ કરો.
- સૂકા કચરાને - સૂકા કચરાના સંગ્રહ કેન્દ્ર દ્વારા અથવા પસ્તીમાં આપી દેવા

## આપણી ફરજો :

પ્રત્યેક કચરાના નિર્માતાએ તેમના દ્વારા ઉત્પન્ન થયેલા કચરાને ત્રણ અલગ કરીને પ્રવાહોમાં વિભાજીત કરી. જેમાં બાયો-ડિગ્રેડેબલ, નોનો બાયો-ડિગ્રેડેબલ અને ઘરેલુ જોખમી કચરાને યોગ્ય ડબ્બામાં નાંખવુ.

## સૉલિડ વેસ્ટ મેનેજમેન્ટ નિયમ (SWM), ૨૦૧૬

સૉલિડ વેસ્ટ મેનેજમેન્ટના નિયમો (SWM) ૨૦૧૬ મુજબ તમારે તમારા ઘરના કચરાને ત્રણ અલગ વિભાગમાં અલગ કરવની જરૂર છે.

| બાયો-ડિગ્રેડેબલ | નોન બાયો-ડિગ્રેડેબલ | |
|---|---|---|
| **જૈવિક કચરો** | **પુન: ઉપયોગમાં લઇ શકાય તેવો કચરો** | **અન્ય ઘરેલુ જોખમી કચરો** |
| | | |
| **જૈવિક કચરો** | પેપર | જુની દવાઓ |
| ચા પત્તી | શેમ્પૂની બોટલ | રંગો |
| ઇંડાના ફોતરા | કાંચ | ફ્લોરોસન્ટ ટ્યૂબ |
| રસોડાનો કચરો | ધાતુ | સ્પ્રેના ટીન |
| ફળ-શાકભાજીની છાલ | વાયર | ખાતર અને જંતુનાશકના ડબ્બા |
| માંસ | પ્લાસ્ટીક | બેટરી |
| હાડકા | કાપડના ગાભા | બૂટની પૉલિસ |
| ફૂલ / પાંદડા | ચામડુ | દવાખાનાનો નક્કામો કચરો |
| | રેકઝીન | |
| | રબ્બર | |

સૉલિડ વેસ્ટ મેનેજમેન્ટ નિયમ (SWM), ૨૦૧૬ મુજબ બાયો-ડિગ્રેડેબલ કચરાના સંગ્રહ માટે લીલો રંગ, પુન: ઉપયોગમાં લઇ શકાય તેવા કચરા માટે સફેદ અને અન્ય ઘરેલુ જોખમી કચરા માટે કાળા રંગના ડબ્બાનો ઉપયોગ કરવામાં આવે.

